

સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ-૪૭ : 'ચાર પ્રકારની નિષ્ઠાવાળાનાં લક્ષણ'નું નિરૂપણ, ૬ એપ્રિલ ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, મોગરી**

**શ્રીજીમહારાજ જમણે હાથે ચપટી વગાડીને બોલ્યા જે, 'સર્વે સાવધાન થઈને સાંભળો, એક વાત કરીએ છીએ. અને તે વાત તો સ્થૂળ છે પણ સૂધી સૂરત દઈને સાંભળશો તો સમજાશે, નહીં તો નહીં સમજાય.'**

આમ તો આપણે વાત સાંભળતા હોઈએ, પણ મગજ બીજે વિચારોમાં ફરતું હોય છે. એટલે સ્વામિનારાયણ ભગવાન કહે છે કે, જરા ધ્યાન દઈને સાંભળો તો હું જે વાત કરવા માંગું છું તે તમને સમજાશે. સ્વામિનારાયણ ભગવાને બધી વાતો સીધી ને સરળ રીતે કરી છે, પણ ધ્યાન આપીએ તો સમજાય. એટલે મહારાજે વાત કહેતાં પહેલાં આપણને સાવધાન કર્યા છે.

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પરમેશ્વરના ભક્ત હોય તેમાં કોઈકને ધર્મનિષ્ઠા પ્રધાન હોય ને કોઈકને આત્મનિષ્ઠા પ્રધાન હોય ને કોઈકને વૈરાગ્યનિષ્ઠા પ્રધાન હોય ને કોઈકને ભક્તિનિષ્ઠા પ્રધાન હોય, અને ગૌણપણે તો એ સર્વે અંગ સર્વ હરિભક્તમાં હોય છે. હવે જેની ભાગવત ધર્મનિષ્ઠા પ્રધાન હોય તે તો અહિંસા, બ્રહ્મચર્યાદિકરૂપ જે પોતાનો વર્ણાશ્રમ સંબંધી સદાચાર તેણે યુક્ત થકો નિર્દંભપણે કરીને ભગવાન અને ભગવાનના ભક્તની સેવા-ચાકરી કરવી તેને વિષે પ્રીતિએ યુક્ત વર્તે, અને તે ભક્તને ભગવાનનાં મંદિર કરવાં તથા ભગવાનને અર્થે બાગબગીચા કરવા તેને વિષે રુચિ વર્તે તથા ભગવાનને નાના પ્રકારનાં નૈવેદ્ય ધરવાં તેમાં રુચિ વર્તે અને ભગવાનના મંદિરમાં તથા સંતની જાયગામાં લીંપવું તથા વાળવું તેને વિષે રુચિ વર્તે, અને ભગવાનની શ્રવણ-કીર્તનાદિક જે ભક્તિ તેને નિર્દંભપણે કરે અને તે ધર્મનિષ્ઠાવાળા ભક્તને ભાગવત ધર્મે યુક્ત એવું જે શાસ્ત્ર તેના શ્રવણ-કીર્તનાદિકને વિષે અતિશય રુચિ વર્તે. અને જેને આત્મનિષ્ઠા પ્રધાન હોય તે તો ત્રણ દેહ અને ત્રણ અવસ્થા તેથી પર અને સત્તારૂપ એવો જે પોતાનો આત્મા તે રૂપે નિરંતર વર્તે અને પોતાના ઇષ્ટદેવ એવા જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પરમાત્મા તેને સર્વથી પર અને અતિશુદ્ધસ્વરૂપ અને સદા દિવ્ય સાકારમૂર્તિ સમજે, અને તે પોતાનો આત્મા તથા તે પરમાત્મા તેના શુદ્ધ સ્વરૂપના પ્રતિપાદનની કરનારી જે વાર્તા તેને પોતે કરે અને બીજાથી સાંભળે તથા તેવી રીતના શાસ્ત્રમાં પ્રીતિએ યુક્ત વર્તે, અને પોતાને આત્મસત્તાપણે વર્તવું તેમાં વિક્ષેપ આવે તો તેને સહન કરી ન શકે એવી પ્રકૃતિવાળો હોય. અને જેને વૈરાગ્યનિષ્ઠા પ્રધાન હોય તેને તો એક ભગવાનની મૂર્તિ વિના જે સર્વે માયિક પદાર્થમાત્ર તેને વિષે નિરંતર અરુચિ વર્તે, અને અસત્યરૂપ જાણીને પોતે મળની પેઠે ત્યાગ કર્યાં જે ગૃહ, કુટુંબી આદિક પદાર્થ તેની નિરંતર વિસ્મૃતિ વર્તે, અને તે ભક્ત જે તે ત્યાગી એવા જે ભગવાનના ભક્ત તેના સમાગમને જ કરે, અને ભગવાનની ભક્તિ કરે તે પણ પોતાના ત્યાગમાં વિરોધ ન આવે તેવી રીતે કરે, અને ત્યાગ છે પ્રધાનપણે જેમાં એવી વાર્તાને પોતે કરે અને ત્યાગને પ્રતિપાદન કરનારું જે શાસ્ત્ર તેને વિષે રુચિવાળો હોય, અને પોતાના ત્યાગને વિષે વિરોધ કરનારાં જે સ્વાદુ ભોજન અને સદ્‌વસ્ત્રાદિક પંચવિષય સંબંધી માયિક પદાર્થમાત્ર તેને પામવાને વિષે અતિશય અરુચિ વર્તે. અને**

**જેને ભક્તિનિષ્ઠા પ્રધાન હોય તેને તો એક ભગવાનના સ્વરૂપને વિષે જ અતિશય દઢ પ્રીતિ વર્તે અને તે ભગવાનના સ્વરૂપથી અન્ય એવા જે માયિક પદાર્થ તેને વિષે પોતાના મનની વૃત્તિને ધારી શકે નહીં, અને પ્રેમે કરીને ભગવાનને વસ્ત્ર-અલંકારનું ધારણ કરે, અને તે ભક્તને ભગવાનનાં જે મનુષ્યચરિત્ર તેના શ્રવણને વિષે અતિશય રુચિ વર્તે તથા ભગવાનની મૂર્તિના નિરૂપણને કરનારું જે શાસ્ત્ર તેને વિષે અતિશય રુચિ વર્તે, અને જે ભક્તને ભગવાનને વિષે પ્રેમને દેખે તે ભક્તને વિષે જ તેને પ્રીતિ થાય અને તે વિના તો પોતાના પુત્રાદિકને વિષે પણ ક્યારેય પ્રીતિ ન થાય, અને તે ભક્તને ભગવાન સંબંધી ક્રિયાને વિષે જ નિરંતર પ્રવૃત્તિ હોય. એવી રીતે આ ચાર નિષ્ઠાવાળા ભક્તનાં લક્ષણની વાર્તાને વિચારીને જેનું જેવું અંગ હોય તેવું તે કહો.**

મહારાજે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની વાત કરી. ચાર નિષ્ઠાવાળા ભક્તો હોય, આ જો સમજી રાખ્યું હોય, ઓળખી રાખ્યું હોય તો, એક તો સરખામણી ના થાય અને એના જેવી નકલ કરવાનું મન ના થાય. ભગવાન એક છે, પણ ભગવાન સાથે જોડાવા માટે આપણી જે દૈહિક પ્રકૃતિ છે એ પ્રકારની નિષ્ઠા થાય.

છ અબજની વસ્તી ભગવાને ઊભી કરી છે. ઘણી વખત માણસો દેખાવમાં સરખા હોય પણ સ્વભાવ-પ્રકૃતિથી જુદા હોય. ચાર ભાઈઓ હોય પણ ચારેય ચાર દિશામાં જાય એવા હોય, અંદરનું આંતરિક તંત્ર જુદું હોય. એટલે એકબીજાની સરખામણી ના થાય. ઘણા બુદ્ધિપ્રધાન હોય જે બુદ્ધિથી જ વિચારે. ઘણા હેતપ્રધાન હોય જે હૃદયથી જ વિચારે, લાગણીથી જ વિચારે. ઘણા દાસત્વભાવવાળા હોય એને હૃદય અને બુદ્ધિની નહિ, પણ સેવા-ભક્તિની જ વિશેષતા હોય. આને લીધે ક્રિયામાં ફરક પડી જાય. ઘણા ધર્મપ્રધાન હોય-સાત્ત્વિકભાવવાળા એમને શાસ્ત્રો વાંચવાં ગમે, મંદિરે જવું, કથાવાર્તા કરવી આવી ધર્મસંબંધી જે પણ પ્રવૃત્તિ હોય એ બધી એમને બહુ ગમે, એમાં એમને વધારે રુચિ હોય.

આત્મનિષ્ઠા એટલે દેહથી આત્માને નોખો માનીને બ્રહ્મસ્વરૂપ અવસ્થામાં વર્તવું. અને સત્પુરુષ મારો આત્મા છે, એ સત્પુરુષની આજ્ઞામાં રહીને ભગવાનની ભક્તિ કરવી, ભગવાનને રાજી કરવા. પોતાને જે સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ અને પ્રીતિ થઈ હોય તેમને વિષે - 'હું તમારો અને તમે મારા' એમ માની એ સત્પુરુષને રાજી કરવા માટે સમગ્ર તંત્ર વાપરે એ આત્મનિષ્ઠા.

વૈરાગ્ય હોય એને ભગવાન અને સત્પુરુષ સિવાય કોઈનો ભાર ના પડે. ખાવું-પીવું, હરવું-ફરવું, જોવું-જાણવું એને ગમે નહીં. ગમે નહીં એટલે કે એમાં એને રુચિ ના હોય. વૈરાગ્યવાળો હોય એને કેવળ સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જીવન જીવવું, સત્પુરુષ સામે જોઈને એમને ના ગમે એ બધું છોડવું એવું હોય.

મહારાજે બધાયનાં અંગની વાત કરીને તેનું આખું નિરૂપણ કર્યું કે, ધર્મ પ્રધાન હોય એ શું કરતો હોય, આત્મનિષ્ઠાવાળો શું કરતો હોય, વૈરાગ્ય પ્રધાન હોય એ કેવું જીવતો હોય. અને છેવટે ભક્તિ પ્રધાન-પ્રીતિવાળા-હેતવાળાને ભગવાન અને સત્પુરુષને વિષે હેત હોય એટલે એમની સેવા-ચાકરી કરવી ગમે, એમની સાથે બેસવું ગમે, એમનાં દર્શન કરવાં ગમે. ભક્તિ પ્રધાન હોય એને મહિમાથી સેવા-ભક્તિ કરવી ગમે. અને સેવાવાળો સેવા-પરિચર્યા કર્યા કરતો હોય - સાફસૂફી કરવી, વાસણ માંજવા, સેવાનું કોઈ પણ કામ હોય ત્યાં એ પહોંચી જાય; એ દાસત્વભાવની ભક્તિ.

મહારાજને એ બતાવવું છે કે, તમારામાં જે પ્રધાન હોય એનો વિશેષ ઉપયોગ કરો. આત્મનિષ્ઠા હોય - સત્પુરુષને વિશે આત્માનો ભાવ હોય એ બુદ્ધિપ્રધાન. તો એણે કથાવાર્તા, ગુણગાન ને મોટા પુરુષના, મહારાજના મહિમાની અખંડ વાતો કરવી. ધર્મપ્રધાન હોય એણે મહાપૂજા, ધર્મસંબંધી કોઈપણ પ્રવૃત્તિ હોય તે કરવી. વૈરાગ્યપ્રધાન હોય એણે ભગવાન અને ભગવાનના સાધુને શું ગમે છે, તેઓ શેનાથી રાજી થાય છે એની વાતો કરવી.

આત્મનિષ્ઠા એટલે
દેહથી આત્માને નોખો માનીને
બ્રહ્મસ્વરૂપ અવસ્થામાં વર્તવું.
અને સત્પુરુષ મારો આત્મા છે, તેમને વિષે -
'હું તમારો અને તમે મારા' એમ માની
એ સત્પુરુષને રાજી કરવા માટે
સમગ્ર તંત્ર વાપરે એ આત્મનિષ્ઠા.





મારા પ્રભુને ગમે છે એ માટે
જે પણ કરવું પડે એ કરવા તૈયાર,
એ સાચો વૈરાગ્ય; યાદ રાખો !
એ જીવંત વૈરાગ્ય, જડતાનો વૈરાગ્ય નહીં.

જેમ ચાર પ્રકારના ભક્તો - ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ. એમ દાસત્વભાવ એટલે વિશ્વાસ, બુદ્ધિપ્રધાન એટલે સમજણ અને પ્રીતિ એટલે હેતપ્રધાન; આ ત્રણ આપણી પ્રકૃતિ છે, તેનો ઉપયોગ ભગવાનની પ્રસન્નતા માટે કરવી એ મોટામાં મોટું કામ. આ બધાંય અંગવાળાને પહેલાં તો ભગવાનને વિષે નિષ્ઠા થવી જોઈએ અને ભગવાનપણાનો ભાવ થવો જોઈએ. માનવરૂપે સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પર પ્રગટ થયા અને ગુણાતીત સાધુ થકી તેઓ પ્રગટ છે છે ને છે જ.

એવા ગુણાતીત અવસ્થાના સાધુ યોગીબાપાને વિશે અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, હર્ષદભાઈ અને બધાને આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ. અને આ નિષ્ઠાથી ધર્મનું કામ કર્યું. આત્મનિષ્ઠા - યોગીબાપાને પોતાનો આત્મા માન્યો. વૈરાગ્ય - યોગીબાપાને ગમે એ જ મને ગમે, બાકી બીજું આપણને કાંઈ જોઈએ નહીં. એટલે જવું પડે ત્યાં ગયા કે, બાપા રાજી થાય છે ને ! પ્રવૃત્તિ પણ યોગીજી મહારાજ રાજી થાય છે એટલે કરી. નહીં તો આશ્રમો કરવા આવ્યા છીએ ? કૉલેજો કરવા આવ્યા છીએ ? હૉસ્પિટલો કરવા આવ્યા છીએ ? સમગ્ર પૃથ્વીને સત્સંગી બનાવવા છીએ? ના ! એક યોગીજી મહારાજની આજ્ઞાથી ભગવાનને રાજી કરવા સિવાય બીજો કોઈ ઉદ્યમ કરવો નથી - એ વૈરાગ્ય ! તો પણ પ્રવૃત્તિશીલ બન્યા, શાથી બન્યા ? ઘણાને જડતાનો વૈરાગ્ય હોય, બસ નહીં એટલે નહીં. નથી ખાવું એટલે નથી ખાવું, નથી પહેરવું એટલે નથી પહેરવું, બસ! એવું કરે એ જડ અવસ્થાના માણસો. વૈરાગ્ય હોય પણ ચીકટવાળો હોય. મારા પ્રભુને ગમે છે એ માટે જે પણ કરવું પડે એ કરવા તૈયાર, એ સાચો વૈરાગ્ય; યાદ રાખો ! એ જીવંત વૈરાગ્ય, જડતાનો વૈરાગ્ય નહીં.

યોગીજી મહારાજની ઇચ્છા છે કે, છાત્રાલય કરો તો ભેગા થઈને છાત્રાલય કર્યું. યોગીજી મહારાજની ઇચ્છા છે કે, છોડી દો તો છોડી દીધું. યોગીજી મહારાજની ઇચ્છા છે કે, સાધુ તરીકે આ કપડે જીવન જીવો તો આ કપડે સાધુનું જીવન જીવ્યા. ઉપાર્જન માટે પપ્પાજીએ કહ્યું કે, ફૅક્ટરી કરો તો ફૅક્ટરી કરી. બાએ કહ્યું કે, આ ભાઈઓને રહેવા માટે કોઈ વ્યવસ્થા કરવી જોઈએ એટલે બ્રહ્મજ્યોતિ કરી, મકાન કર્યાં. ગામલોકોએ કહ્યું કે, સ્કૂલ કરો અમારે જમીન આપવી છે તો સ્કૂલ કરી. અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ કે વી.એસ.ને કશું કરવું નહોતું. કલ્પના પણ નહોતી કરી કે, નિશાળો કરીશું, કૉલેજો કરીશું કે આવો મોટો આશ્રમ કરીશું. વૈરાગ્ય હતો કે, બાપાના થઈને જીવન જીવવા સિવાય કાંઈ કરવું નથી. પણ એનો અર્થ એવો નથી કે પલાંઠી વાળીને પદ્માસનમાં બેસીને ધ્યાન જ કર્યા કરવું. ના ! બાપા જે ધર્મનું પ્રવર્તન કરવા આવ્યા - ધર્મનિષ્ઠા, એટલે કહ્યું કે, અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવવી એ અમારો અભિપ્રાય છે, અમારી રુચિ છે. બાપાએ એટલે છાત્રાલયનું નામ પાડતી વખતે કહ્યું કે, 'જ્ઞાનયજ્ઞ છાત્રાલય' નામ નથી રાખવું, 'અક્ષરપુરુષોત્તમ છાત્રાલય' નામ રાખો. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ઇચ્છા હતી તેમ અક્ષરપુરુષોત્તમનો ગોકીરો થાય એ આપણી ભક્તિ છે ! બસ આપણને ધ્યેય મળી ગયું, ગોલ મળી ગયો કે, અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવતાર્વવી એ બાપાના રાજીપાનું કામ છે.

એ ઉપાસના પ્રવર્તાવવા માટે શું કરવું ? તો દાદુકાકાનો, હરિપ્રસાદ સ્વામીનો, પપ્પાજીનો યોગ આપ્યો. એમના સાંનિધ્યમાં શુદ્ધ ઉપાસના સમજ્યા કે, મહારાજ કૃપા કરીને માનવરૂપે અવની પર પ્રગટ થયા. *'કૃપા કરી પ્રગટ્યા અવની પર પુરુષોત્તમ ભગવાન. રીત અનોખી અદ્ભુત એવી સંબંધે કરે કલ્યાણ, કે પ્રગટ્યા પુરુષોત્તમ ભગવાન.'* છપૈયામાં ૧૮૩૭માં મહારાજ પ્રગટ્યા. આપણે આ રામનવમીએ ૨૩૭મો પ્રાગટ્યપર્વ ઉજવ્યો. એ પ્રભુ ૪૯ વર્ષ સહજાનંદ સ્વામી રૂપે આપણી સાથે રહ્યા. અને એ જ પાછા ગુણાતીત અવસ્થાના સાધુ મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી આપણી સાથે અક્ષરપુરુષોત્તમના સ્વરૂપે રહ્યા. એ જ પ્રભુ ભગતજી મહારાજ રૂપે, જાગાસ્વામી, કૃષ્ણજી અદા રૂપે, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ રૂપે રહ્યા.

અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના કે, ભગવાન પ્રગટ છે છે ને છે અને રહેશે રહેશે ને રહેશે; એ માનીનતા જડબેસલાક દૃઢ થઈ ગઈ હોય,

અને એનું પ્રવર્તન કરવું. સત્પુરુષનો મહિમા ગાઈ, ભગવાન રાજી થાય એવું જીવન જીવવાની પ્રણાલીઓ-પ્રથાઓની વાતો કરવી એ ધ્યેય છે. અને એના માટે પછી જે કરવું પડે એ કરવું. સંસાર છોડી દીધો પણ સંસારમાં રહીને પાછી ભક્તિ કરવાની. ધર્મનિષ્ઠા – ધર્મમાં રહેવાનું ને ધર્મમાં આપેલી મર્યાદામાં રહીને ભક્તિ કરવાની. આત્મનિષ્ઠા – યોગીજી મહારાજની ઈચ્છા પ્રમાણે જીવન જીવીએ એ આત્મનિષ્ઠા છે. યોગીબાપાએ પ્રવર્તાવેલા સિદ્ધાંતોને રાખીને જીવન જીવીએ એ યોગીબાપાને પ્રગટાવ્યા કહેવાય. ધર્મનિષ્ઠા, આત્મનિષ્ઠા અને વૈરાગ્ય. બાપાની ભક્તિ કરવી છે તો જડતાપૂર્વક મંડ્યા કે, જે વખતે બાપાને જે કરાવવું છે એ કરવું છે. એ કાકાજીરૂપે કહ્યું, પપ્પાજીરૂપે કહ્યું કે ગામલોકોરૂપે એમનામાં રહીને ભગવાને કહ્યું ને એ પ્રવૃત્તિ કરી તો એની સાથે કોઈ બંધાયા નથી. જે પ્રવૃતિ કરવાની છે એ પ્રવૃતિને લઈને કાથાકબલા ના કર્યા. અભાવ, અવગુણ, ખટપટ, નિંદા, ચૌદશીયાપણું કરીને પ્રવૃત્તિનો વિકાસ નથી કરવો. સ્ટ્રેઈટ વૅ ભગવાનના થઈને જીવન જીવવું છે. જે મદદ આપે એ લેવી છે, મદદ નહિ આપનારને પણ માથાના મુગટ માનીને સેવા કરવી છે એ સાચો વૈરાગ્ય ! અને ભક્તિ – ભગવાનના સંબંધવાળાને માથાના મુગટ માનીને એમના માટે જમાડવાની વ્યવસ્થા, રાખરખાવટની વ્યવસ્થા ને જે પણ કરવું પડે તે કરવાનું, સમૈયા-ઉત્સવ ધામધૂમથી ઉજવવા એ ભક્તિ છે. ભગવાન ને ભગવાનના ભક્તોની માહાત્મ્યેયુક્ત સેવા એ ભક્તિ છે. એવી ભક્તિ કરવામાં સદાય ઉત્સાહી હોય, સદાય તત્પર હોય. એવું નહિ કે, આ બધા આવ્યા છે અને બધું ચાલ્યા કરે છે, એમાં મારે શું લેવા-દેવા ? એવી ઉદાસિનતા નહીં. ભગવાનના ભક્તોને જોઈને આનંદ થાય.

બધા એવું કહે કે, બાપા કાયમ હસતા હોય, કાયમ આનંદમાં હોય. અને વિશેષ તેમનો આનંદ ક્યારે હોય ? તો જ્યારે ગોંડલમાં બધા ભક્તો આવે ત્યારે ભક્તોને મળીને, ભક્તોની સેવા કરીને બાપા બહુ રાજી થતા. તો આપણે બાપાનો એ વારસો રાખવાનો છે. આપણે ભગવાનના ભક્તોથી ઉદાસ રહીએ, દૂર રહીએ તો બાપાના કેવી રીતે કહેવાઈએ ? ભગવાન ને ભગવાનના ભક્તો આવે તો તેમની સાથે રસબસ થઈએ. ભગવાનના ભક્તોને રમાડીએ, જમાડીએ એમની સાથે સમય કાઢીએ તે ભક્તિ કહેવાય.

બાપાને આવું કરવાની શી જરૂર હતી ? યોગીબાપાએ ૮૦ વર્ષે દેહ છોડ્યો. છેક ત્યાં સુધી તમે જુઓ તો બાપા બધા ભક્તોની રાખરખાવટ રાખે, બધા ભક્તોનું ધ્યાન રાખે, મારા-તમારા સૌનું સાંભળે, બધામાં રસબસ થાય. તો શું તેમને બધામાં રસ હતો ? કોઈના લગનમાં બાપાને રસ હોય ? કોઈની ઈન્ડસ્ટ્રી ચાલે કે બંધ પડે તેમાં બાપાને રસ હોય ? કોઈનો સંસાર સારો રહ્યો કે તૂટ્યો તેની ખબર હોય ? પણ ના, ભગવાનના ભક્તોને સુખ-દુઃખમાં હૂંફ આપવી, એમનામાં રસ લેવો, એમનું આધ્યાત્મિક ઉત્થાન અને ભૌતિક ઉત્થાન પણ કરવું. બાપા સૌમાં એટલા બધા રસરૂપ થતા અને ધૂન કરાવે, પ્રાર્થના કરાવે. શાના માટે ? તો બસ, મારા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ અને મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છે ને ! તમારા માટે જે કરવું પડે એ અમારે કરવું છે એવી માહાત્મ્ય સોતી ભક્તિ માની !

બાપા તો વૈરાગી હતા. યોગીજી મહારાજનું જમવાનું તમે જુઓ તો તેઓ ખાસ કાંઈ જમતા નહીં. એક દિવસ બાપાનો વલ્લભવિદ્યાનગરમાં પ્રોગ્રામ હતો. કોઈના મકાનનું વાસ્તુ હતું અને પછી વી.પી. હૉલમાં સભા હતી. એટલે અમે યુવકો અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, વી.એસ. બધા બહાર ઊભા હતા. બાપા અંદર પ્રસાદ લેતા હતા. એટલે બાપાએ મને બોલાવ્યો અને એમની બાજુમાં જ બેસાડ્યો. એમની થાળીમાં જે પિરસાય એ તેઓ હાથથી મારી થાળીમાં મૂકે. પછી બાપા કહે, 'જમવા માંડ.' હું જમ્યો તો તે મોંઢામાં જ ના પેસે. એક તો દૂધી. વળી તેમાં મીઠું નહિ, ઘીથી બનાવેલું, ફિક્કું ફસ અને મોળું-કોઈ ટૅસ્ટ જ નહિ. ત્યારે મારી ૨૪ વર્ષની યુવાન ઉંમર એટલે મોંઢામાં ચટાકા ચાલતા હોય અને આવો ખોરાક ! હું થોડું જમ્યો. પછી મને થયું કે, આ થાળી બહાર લઈ જઈશ ને બહાર આપણા બધા ભાઈઓને બાપાનો આ પ્રસાદ આપું. બાપા સંકલ્પ

**ભગવાન ને ભગવાનના ભક્તોની
માહાત્મ્યેયુક્ત સેવા એ ભક્તિ છે.
ભગવાન ને ભગવાનના ભક્તો આવે તો
તેમની સાથે રસબસ થઈએ.
ભગવાનના ભક્તોને રમાડીએ, જમાડીએ
એમની સાથે સમય કાઢીએ તે ભક્તિ કહેવાય.**





બાપા ભક્તિનું મૂર્તિમાન સ્વરૂપ હતા.
પોતે વૈરાગી હતા પણ છતાં
ભગવાનના ભક્તો માટે બધું જ છૂટ્ટું.
એવા સાધુ કે જેઓ ગુણાતીત અવસ્થાના સાધુ છે,
તેઓ પોતાને માટે જીવતા ના હોય.
પોતામાં હોય જ નહીં, પછી પોતાને માટે જીવવાનો
સવાલ જ ક્યાં રહ્યો ?

તો જાણે ને ! એટલે કહે, 'બધું જ ખાઈ જવાનું છે.' એ બાપા સમૈયા-ઉત્સવ હોય ત્યારે રસોડાવાળાને બોલાવીને પૂછે કે, 'શું બનાવીશું ?' 'બાંધેલાં ઘી' કે 'છૂટાં ઘી' ? બાપા એવું બોલે. 'છૂટાં ઘી' એટલે શું ? એ અત્યારની પ્રજાને તો ખબર જ નહિ હોય. કંસાર બને એમાં જેટલું જોઈતું હોય એટલું ઉપરથી ઘી રેડવાનું હોય એટલે એને 'છૂટું ઘી' કહેવાય. અને લાડુ બને એમાં પછીથી ઘી લેવાય નહિ એટલે 'બાંધેલું ઘી' કહેવાય, પછી બાપા કહે કે, 'છૂટાં ઘીની રસોઈ રાખો.' કંસાર, લાડુ, મોહનથાળ, લાપસી એવી મીઠાઈ વગરની કોઈ રસોઈ બનાવવાનું તેઓ જણાવે નહીં. બાપા પોતે તો કોઈ દિવસ મીઠાઈ ખાતા જ ન હતા અને મેં હમણાં કહ્યું એવો એમનો ખોરાક હતો, પણ એટલાં શાક બનાવડાવે, કઠોળ બનાવડાવે, દાળ, રાઈતું, ભજિયાં બનાવડાવે. આમ, એટલા ટેસથી બધી રસોઈની વાતો કરે તો આપણને એમ થાય કે, બાપાને બહુ સ્વાદ લાગે છે. પણ એમની રસોઈ જમો તો તમને ખબર પડે કે તેઓ એકદમ નિઃસ્વાદી પુરુષ હતા. પોતાને કાંઈ જોઈએ નહિ, વૈરાગી હતા, પણ ભગવાનના ભક્તોને જમાડવામાં, રાખરખાવટમાં ખૂબ મહિમા!

૧૯૫૭માં યોગીબાપાનો મને યોગ થયો પછી શરદપૂનમનો સમૈયો ઉજવવા માટે હું પહેલી વખત ગોંડલ ગયો હતો. અહીંથી સાંજે પાંચ વાગે ફાસ્ટમાં ગયો હતો. સૌરાષ્ટ્ર મેલને ત્યારે 'ફાસ્ટ' કહેતા. બહુ લિમિટેડ ટ્રેનો આવતી. એમાંય સૌરાષ્ટ્ર જવું હોય તો એ ફાસ્ટ ટ્રેનમાં અહીંથી વિરમગામ જવાનું. અડધી રાત્રે ૧૧-૧૨ વાગ્યે વિરમગામ પહોંચે. રાત્રે વિરમગામથી મિટર ગેજ લાઈનની ટ્રેન બદલાય તે સવારે છ-સાત વાગ્યે ગોંડલ ઉતારે. ૧૪ કલાકની મુસાફરી ગોંડલની થાય. સોખડાના દાસભાઈ, મોટા ભાઈ, રમણ ભગત, ચંદુભાઈ ને ગ્રુપની સાથે અમે આણંદથી જોડાયા. નાહી-ધોઈને નવ-દસ વાગ્યે મંદિરે દર્શન કરીને બાપાનાં દર્શન કરવા નીકળ્યા, તો બાપા સભામંડપમાં હતા નહીં. કોઈને પૂછ્યું કે, 'બાપા ક્યાં છે ?' તો કહે, 'બાપા મંડપમાં છે.' અત્યારે જ્યાં બાપાનું સ્મૃતિ મંદિર કર્યું છે ત્યાં પાછળ બધાં ખેતરો હતાં. ત્યારે એટલો બધો ગોંડલ મંદિરનો વિસ્તાર ન હતો. એમાં ઉતારાની રૂમો તમે જુઓ તો આ બાજુ ૧૦ અને બીજી બાજુ ૧૦ એમ વીસ રૂમો હતી. સંતોના આવાસ ઉપર થોડી રૂમો હતી ને સામે થોડા ઉતારા હતા. ૨૦૦-૩૦૦ માણસો રહી શકે તેટલી વ્યવસ્થા હતી. સમૈયામાં તો પાંચ-સાત હજાર માણસ આવવાનું એટલે ટેન્ટ નાંખેલા. ટેન્ટ એટલે જેમ આપણે મોટા મંડપ બાંધીએ છીએ એમ મંડપ બાંધી દેવાય. નીચે પછી ગાદલાં નહીં પણ મોદ – મોટી શેતરંજી નાખી દે એટલે બધાનો શયનખંડ થઈ ગયો. અમે મંડપ પાસે ગયા, તો બાપા ત્યાં બધા હરિભક્તોને લઈને ગયા હતા. ખેતરને સમાર મારીને પ્લેઈન તો કર્યું હતું, પણ સૌરાષ્ટ્રનાં ખેતરોમાં મોટા મોટા કાંકરા હોય. તો ત્યાં બાપા બધા સાથે ઊભડક બેસીને ખેતરમાંથી તગારામાં કાંકરા વીણીને નાખતા હતા. મેં કોઈને પૂછ્યું કે, 'અહીંયાં શું કરવાનું છે કે કાંકરા વીણે છે ?' તો કહે, 'અહીં ભક્તોને રાત્રે સૂઈ જવાનું છે, તે તેમને કાંકરા વાગે નહિ એટલે બાપા કાંકરા વીણાવડાવે છે. તમે વિચાર કરો, આ ભક્તિ એમની !

બાકી, સૂઈ જશે બધા ચાલોને, એમાં આપણે શું લેવા-દેવા ? ખરબચડું હશે તો વહેલા ઊઠી જશે; આપણે આવું જ્ઞાન કરીએ. પણ બાપા તો ભક્તિનું સ્વરૂપ હતા ! જેટલું લાલનપાલન સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું કરે, એમની સાથે રહેલા લાલજીનું કરે, એમની સાથે રહેતા પ્રમુખ સ્વામી, મોટા સ્વામી ને સંતોનું કરે; એટલું લાલનપાલન નાનામાં નાના ભક્તોથી માંડી મોટા સૌનું બાપા કરતા. આ ભક્તિ ! બાપા ભક્તિનું મૂર્તિમાન સ્વરૂપ હતા. પોતે વૈરાગી હતા પણ છતાં ભગવાનના ભક્તો માટે બધું જ છૂટ્ટું. ખાઓ-પીઓ ને આનંદ કરો. તેઓ પોતે તો નિર્જળા ઉપવાસ કરતા હતા. છેક સુધી બાપાએ નિર્જળા ઉપવાસ કર્યા છે, પણ ભક્તોને પ્રેમથી જમાડ્યા છે, વિચાર કરો ! એવા સાધુ કે જેઓ ગુણાતીત અવસ્થાના સાધુ છે, તેઓ પોતાને માટે જીવતા ના હોય. પોતામાં હોય જ નહીં, પછી પોતાને માટે જીવવાનો સવાલ જ ક્યાં રહ્યો ? એમ, ભગવાન અને ભગવાનના ભક્તોમાં, મારા-તમારામાં વેરાઈ

ગયા હોય એ સાચા સાધુ. એવા સાધુ દ્વારા ભગવાનનું પ્રગટીકરણ છે, એ અક્ષર-પુરુષોત્તમનું સાકાર સ્વરૂપ કહેવાય.

સ્વામિનારાયણ ભગવાન અહીં એ કહે છે કે, એવા દિવ્ય પુરુષને પ્રગટ માની એમણે આપેલા પ્રગટ સ્વરૂપ યોગીજી મહારાજે આપણને ભેટ આપી છે. આવા દિવ્ય પુરુષને જેમણે ઓળખ્યા તે કેટલા ઊંચી કક્ષાવાળા ભગવાનની કૃપાવાળા સંતો કહેવાય ! પ્રમુખ સ્વામી, મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, ભક્તિપ્રિય કોઠારી, ડૉક્ટર સ્વામી, ગુરુજી, ત્યાગવલ્લભ સ્વામી, ઈશ્વરચરણ સ્વામી, વિવેકસાગર સ્વામી, અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ, હર્ષદભાઈ, પૂનમભાઈ, વી. એસ.; આ સંતો સામાન્ય નથી, યાદ રાખો ! યોગીજી મહારાજ જેવા દિવ્ય પુરુષની પ્રસન્નતાનાં તેઓ પાત્રો બન્યાં છે. એમણે આ સંતોને જેમ ફંગોળ્યા, જેમ રાખ્યા, જ્યાં મૂક્યા, જે કરાવ્યું એ જરાય ખચકાયા વગર, કોઈ પણ પ્રકારની શંકા-આશંકા, તર્ક-વિતર્ક કર્યા વગર એમની આજ્ઞાને સીધી ફૉલો જ કરી છે, ઍક્ઝિક્યુટ જ કરી છે તો ગુરુની પ્રસન્નતાનું પાત્ર બની ગયાં છે, સામાન્ય નથી. ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરીને પ્રાપ્ત કરેલી સાધુતા છે. ને એવા સાધુઓની આપણને ભેટ આપીને કેટલી મોટી કૃપા ભગવાને અને યોગીબાપાએ આપણા ઉપર કરી છે !

ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં લખ્યું કે, આપણી પાસે પારસમણિ હોય અને ઘરમાં આગ લાગી હોય તો શું લઈને નીકળીશું ? સોનું, રૂપિયા, વાસણો લઈને નીકળીશું ? ના, પારસમણિ ખીસામાં લઈને નીકળીએ તો સોનું, ઘરેણાં બધું લેવાની જરૂર જ નથી. પારસમણિનું લક્ષણ છે કે, પારસમણિ લોઢાને અડાડો એટલું લોઢું સોનું થઈ જાય. પારસમણિ હોય તો બીજા બંગલા થઈ જાય, સોનાનાં ઘરેણાં ને બધું જ આવી જાય. એમ ભગવાને પારસમણિરૂપ સાધુ આપ્યા છે. સંતો એ પારસમણિ છે, પરંતુ પારસમણિ કરતાં સંતોની વિશેષતા એ છે કે, પારસમણિ લોઢાને પારસમણિ ના બનાવે, સોનું જ બનાવે; પણ સંતો મને-તમને એમના જેવા સંત બનાવે. તો તમે બીજાને અડો તો સોનું થઈ જાય એવી એમની વિશેષતા છે. યોગીજી મહારાજના સ્પર્શથી યોગીરૂપ થયેલા આ સાધુઓ છે. હવે એમની પ્રસન્નતા આપણે પ્રાપ્ત કરીએ તો આપણે પણ એમના જેવા થઈ જઈએ. આ આપણા પર મૂક્યું છે. તમારામાં તાકાત છે, શૂરવીરતા છે, ભગવાનને રાજી કરવાનો દૃઢ નિર્ધાર છે તો પ્રાપ્ત થઈ શકશે, પ્રાપ્તિ કરી શકશો.

અમેરિકા કેટલા બધા ગયા, કેટલા પૈસાદાર થયા. જે દૃઢ નિશ્ચયથી મંડ્યા તે પામ્યા. એમ આધ્યાત્મિક ફિલ્ડમાં પણ મરતી મરતી કાન હલાવે ને ખાઓ-પીઓ ને જલસા કરો એમ જીવતા હોય તો નો પ્રોબ્લેમ ! પણ જો સાધુતા અંદરથી ખીલવવી હોય, ગુણાતીત અવસ્થાની સાધુતા પ્રાપ્ત કરવી હોય તો જાગ્રતતાપૂર્વક જીવવું પડે. સ્વામિનારાયણ ભગવાને કહ્યું, બધું મગજમાંથી કાઢી જાગ્રતતાથી આ વાત સાંભળો તો આ વાત તમને સમજાશે કે, આવા જે સાધુ - તેમની આજ્ઞામાં રહેવું તે જ ધર્મમાં રહ્યા ! આવા જે સાધુને પોતાનો આત્મા માનવો તે જ આત્મનિષ્ઠા ! આવા સાધુને મૂકીને બીજે ક્યાંય સ્વાદ ન આવે એ સાચો વૈરાગ્ય !

અક્ષરપુરુષોત્તમનું સ્વરૂપ એવા ભગવાનધારક સાધુને આપણા જીવનના મધ્યમાં રાખીને જીવન જીવીએ તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિયુક્ત આપણું જીવન આપોઆપ થતું જશે, કરવા માટે આપણે પ્રયત્ન નહીં કરવો પડે. તો સ્વામિનારાયણ ભગવાને આ ચાર પ્રકારની નિષ્ઠા કહી. ધર્મનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા, આત્મનિષ્ઠા, વૈરાગ્યનિષ્ઠા અને ભક્તિયુક્ત જીવન.

**અને આ વાર્તા છે તે તો દર્પણતુલ્ય છે.**

દર્પણતુલ્ય છે એટલે અરીસામાં જોઈએ તો આપણે જેવા હોઈએ તેવા જ દેખાઈએ. હું ૮૦ વર્ષનો છું તે ૧૮ વર્ષનો યુવાન થોડો દેખાઉં ?

**તે જેનું જેવું અંગ હોય તેવું તેને દેખાડી આપે છે. અને ભગવાનના ભક્ત હોય તે તો અંગ વિનાના હોય નહીં. પણ પોતાના અંગને ઓળખે નહીં એટલે પોતાના અંગની દૃઢતા થાય નહીં.**

પારસમણિ કરતાં સંતોની વિશેષતા એ છે કે,
પારસમણિ લોઢાને પારસમણિ ના બનાવે, સોનું જ બનાવે;
પણ સંતો મને-તમને એમના જેવા સંત બનાવે.
તો તમે બીજાને અડો તો સોનું થઈ જાય
એવી એમની વિશેષતા છે.





**ગમે તે અંગ હોય પણ
ભગવાનને વિષે જો દઢ આશરો હોય,
સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય તો
એની આધ્યાત્મિક પ્રગતિ થાય.**

પોતાના અંગને ઓળખવું, અંગ ઓળખવું એટલે સમજણ, પ્રીતિ ને દાસત્વભાવ. કંઈ પણ બને તો તર્ક-વિતર્ક થાય, શંકા-આશંકા થાય, પ્રશ્નો ઊઠે તો માનજો કે, એનું અંગ બુદ્ધિપ્રધાન છે. બુદ્ધિ એના આખા તંત્ર ઉપર ડોમિનેટિંગ કરતી હોય એટલે એને તરત બધું દેખાય; એ સમજણના અંગવાળા-બુદ્ધિપ્રધાન માણસ કહેવાય.

હેતપ્રધાન એટલે પ્રીતિનું અંગ. એને પ્રેમ થાય, પ્રેમ ઊભરાય. પોતાના ગુરુના સંબંધવાળા હોય, પોતાના ઈષ્ટદેવના સંબંધવાળા હોય તેના માટે તેને આપોઆપ પ્રેમ થાય પછી તે ગમે તેવો હોય તોય એ ગમે, બીજું કશું એને દેખાય નહિ. એ હૃદયથી જુએ, બુદ્ધિથી નહીં. એને દોષ ન દેખાય.

ત્રીજું વિશ્વાસનું અંગ એટલે દાસત્વભક્તિ. જેને ભગવાન અને ભગવાનના ભક્તોની સેવા કરવી બહુ ગમે એ વિશ્વાસપ્રધાન. વિશ્વાસપ્રધાન લોકોએ ભગવાનમાં અને પોતાના ગુરુમાં વિશ્વાસ રાખી ધન્ય ભાગ્ય ને ધન્ય ઘડી કે આ સેવા મને મળી છે ! તેમ માની ઊંધું ઘાલીને સેવા કર્યા જ કરવી. એને જો બીજાને વિશે વિશ્વાસ આવે અને સત્પુરુષને વિશે ભાવફેર કરે તો વગર કામનો એ મુંઝાય. એટલે વિશ્વાસના અંગવાળાએ ખાસ ધ્યાન રાખવું કે, કુસંગનો એણે યોગ નહીં કરવાનો. ડંબેલ્સ જેવા માણસોની વાતો સાંભળી ભગવાન અને ભગવાનના ભક્તોની સેવામાં ગૌણતા ના આવે, તેમને વિષે ભાવફેર ના થાય. ભાવફેર ક્યારે થાય ? તો ભગવાન અને સત્પુરુષને છોડીને કુસંગીનો વિશ્વાસ કરે તો જ એની વાત મનાય ને ! એની વાત માને તો એનું અંગ તૂટ્યું એટલે એ મુંઝાય. એટલે વિશ્વાસના અંગવાળાએ ભગવાન અને સત્પુરુષમાં પરમ વિશ્વાસ રાખી, એમને જે ગમે એવી સેવામાં પોતાના દેહને વાપર્યા કરવો. દેહથી સેવામાં ઉદાસીન નહીં થવાનું-સેવા કર્યા કરવાની. જો એણે સેવામાંથી ગાપચી મારી, કુસંગના યોગમાં આવ્યો તો એ મુંઝાવાનો, મુંઝાવાનો અને મુંઝાવાનો. વિશ્વાસના અંગવાળા-દાસત્વભક્તિવાળા મોટા ભાગના લોકો મુંઝાય.

પ્રીતિના અંગવાળાને બે જ વસ્તુ હોય-પોતાને ગમતું અને અણગમતું. ધારો કે કારેલાનું શાક એને ભાવતું હોય, ભીંડા ના ભાવતા હોય અને જો કોઈ થાળીમાં ભીંડાનું શાક મૂકે તો ગુસ્સે થઈ જાય. કંઈ પણ અણગમતું બને એટલે એ ડિસ્ટર્બ થઈ જાય, વિક્ષેપ થઈ જાય. એને પૂછીએ કે શું થયું ? તો કહે કે, ખબર નહિ, પણ મારો મૂડ ચાલ્યો ગયો, હમણાં મારી જોડે વાત ના કરીશ. પ્રીતિના અંગવાળાને-હેતપ્રધાન અંગવાળાને એનું ગમતું પાત્ર મળે તો હસી પડે અને અણગમતું પાત્ર મળે તો ના ગમે. પ્રીતિના અંગવાળાને બે જ ડિપાર્ટમૅન્ટ-ગમતું ને અણગમતું. અણગમતું જ્યાં થાય એટલે ત્યાં વિક્ષેપ થઈ જાય. એણે ભગવાનનું ગમતું એ બધુંય મારું ગમતું એમ માનીને બધું ગમાડવા જ માંડવાનું. એના માટે એણે માળા ફેરવવાની-ભજન કરવાનું.

સમજણના અંગવાળાને અભાવ આવે, યાદ રાખો ! આપણને ખબર ના પડે કે સમજણના અંગવાળાને અભાવ આવ્યો. વાતો સરસ કરતો હોય, બધું સરસ એનું દેખાય, મોઢે હસતો હોય પણ અંદર એ કાથાકબલા કરતો હોય, એને અભાવ આવે, દોષ દેખાય કે આ આવો છે ને આ તેવો છે. પૂર્વગ્રહ બાંધીને બેઠો હોય એટલે એને મુશ્કેલી થાય. ભગવાને કહ્યું કે, તમારી બુદ્ધિમાં તમે ગમે તેટલા હોંશિયાર હોવ પણ ગુણગ્રાહ્ય દષ્ટિ રાખજો. ગુણ જ જોવાનો, સારું જ જોવાનું ને ગુણ જ ગાવાના. ટીકાટિપ્પણી નહીં કરવાની. બુદ્ધિપ્રધાન જો ગુણગાન ને મહિમા ગાવામાં એની બુદ્ધિ વાપરે, બીજાના ગુણોનું દર્શન કરાવવામાં બુદ્ધિ વાપરે અને પ્રભુએ આપેલી આજ્ઞાને બુદ્ધિપૂર્વક સરસ પાળીને પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરે તો એનું બુદ્ધિનું અંગ દિવ્ય થઈ જાય. પછી એને કોઈનેય વિશે ભાવફેર થાય નહીં, કોઈનો અભાવ આવે નહીં, સર્વના ગુણ જ દેખાય, સર્વની સાથે આનંદ જ થાય.

તો દરેક જણે પોતાનું અંગ ચેક કરવું. સમજણવાળાને અભાવ આવે, પ્રીતિવાળાને વિક્ષેપ થાય અને દાસત્વભક્તિવાળો મુંઝાય. ત્રણેયે

ઉપાય એક જ લેવાનો છે–સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન જ કરવાની, ભજન જ કરવાનું તો પાર પડી જઈએ. એટલે સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, અંગ ઓળખી રાખજો તો એ અંગે કરીને ભક્તિ થાય.

**અને જ્યાં સુધી પોતાના અંગની દઢતા ન થઈ હોય ત્યાં સુધી જેવી વાત થાય તેવું તેનું અંગ વ્યભિચરી જાય; માટે આ વાર્તાને વિચારીને પોતપોતાના અંગની દઢતા કરો અને જેનું જેવું અંગ હોય તે તેમ બોલો. પછી હરિભક્ત સર્વે જેવું જેનું અંગ હતું તે તેવી રીતે બોલ્યા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેનું એકસરખું અંગ હોય તે ઊઠી ઊભા થાઓ.' પછી જેનું જેનું એકસરખું અંગ હતું તે સર્વે ઊભા થયા. પછી શ્રીજીમહારાજે એ સર્વેને પાછા બેસાર્યા.**

**પછી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'એ ચારે અંગવાળાને પોતપોતાના અંગમાં કોઈ ગુણદોષ છે કે નથી ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ગુણદોષ છે તે કહીએ તે સાંભળો જે, એ ચારે અંગવાળા જે ભક્ત તેમનાં જે અમે પ્રથમ લક્ષણ કહ્યાં તે પ્રમાણે જે વર્તે તે તો એમને વિષે ગુણ છે અને એ પ્રમાણે જે ન વર્તાય તેટલો એમને વિષે દોષ છે.'**

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'એ ચાર નિષ્ઠાવાળાને વિષે કોઈ અધિક–ન્યૂન છે કે એ ચારે તુલ્ય છે ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જ્યાં સુધી એક એક નિષ્ઠાને વિષે વર્તતા હોય ત્યાં સુધી તો એ ચારે સરખા છે અને જ્યારે એ ચારે નિષ્ઠા એકને વિષે વર્તે ત્યારે તે સર્વ થકી અધિક છે. અને જ્યારે એ ચારે નિષ્ઠા એકને વિષે વર્તે ત્યારે તેને પરમ ભાગવત કહીએ અને એને જ એકાંતિક ભક્ત કહીએ.'**

મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, ગુરુજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિકાકા આવા છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્યેયુક્ત ભક્તિ એમનું જીવન છે. બધાં અંગ ઓગળી ગયાં છે. જેવા અંગવાળો ભક્ત એમની પાસે જાય એવું અંગ તેઓ ધારણ કરે. એટલે પરમ ભાગવત સંત થયા, એ ગુણાતીત અવસ્થા !

ગમે તે અંગ હોય પણ ભગવાનને વિષે જો દઢ આશરો હોય, સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય તો એની આધ્યાત્મિક પ્રગતિ થાય. બાપાને વિશે અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈને આત્મબુદ્ધિ ને પ્રીતિ હતી. તમે જુઓ તો તેઓ બધાની ભિન્ન ભિન્ન પ્રકૃતિ હતી. અશ્વિનભાઈનું હેતપ્રધાન સમજણનું અંગ. શાંતિભાઈનું હેતપ્રધાન સમજણનું અંગ. બંનેનાં અંગ સરખાં એટલે તેમને કૉલેજમાં સારું ફાવતું–કૉલેજકાળથી મિત્રો, પણ ત્યારે ખબર ન હતી કે બંનેનાં અંગ સરખાં છે. સનંદભાઈને પ્યોરલી વિશ્વાસ–દાસત્વભક્તિ, સમજણેયુક્ત વિશ્વાસ એમને હેત છેલ્લું આવે પછીથી ડેવલપ થયું. વિઠ્ઠલભાઈને હેતેયુક્ત વિશ્વાસ. મારે અને વી.એસ.નું અંગ સરખું. મારે વિશ્વાસેયુક્ત હેત અને એમને હેતેયુક્ત વિશ્વાસ. રતિકાકા સમજણેયુક્ત વિશ્વાસ પછી હેત આવે. પૂનમભાઈ પણ સમજણેયુક્ત હેત અને હર્ષદભાઈ પ્યૉરલી પ્રીતિ. બધાનાં જુદાં જુદાં અંગ હતાં, પણ સૌના સૅન્ટરમાં યોગીજી મહારાજ હતા. બાપાનો સિદ્ધાંત હતો સંપ, સુહ્રદભાવ અને એકતા રાખો અને હળીમળીને કામ કરો. યોગીજી મહારાજને રાજી કરવા એ અંગ પ્રમાણે બધાએ એકબીજાને પૂરક બનીને કામ કર્યાં તો બાપાની પ્રસન્નતા પ્રાપ્ત થઈ.

જેમ આપણું આ મનુષ્ય શરીર છે, તેમાં માથાનું કામ જુદું છે, પગનું કામ જુદું છે, હાથનું કામ જુદું છે. બધાંય અંગોની ડ્યુટી જુદી–જુદી છે, પણ બધાંય એક થઈને કામ કરે છે તો આપણને જીવવાનો સ્વાદ આવે છે ને ! નહિ તો પગ માથાને કહે કે, ચાલું છું હું ને હાર તારે શેનો પહેરવાનો ? મારે પહેરવાનો હોય. કોઈ પગમાં હાર પહેરાવે ? એ ઝઘડાઝઘડી કરે તો આપણી શું દશા થાય ? જીવનમાં કશોય સ્વાદ ના આવે. બધાં અંગોમાં હારમની – સુમેળતા છે તો આપણે એનો આનંદ માણી શકીએ છીએ. એમ ભિન્ન ભિન્ન પ્રકારનાં અંગો હોય, પણ ભેગા થઈને જ્યારે સામુહિક ભગવાનને રાજી કરવા મંડ્યા છીએ, બધા ગૃહસ્થો ને આપણે બધાય ત્યારે આપણો એક જ ગોલ છે કે, આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન અને ગુરુદેવ યોગીજી મહારાજને આપણે રાજી કરવા છે. તો સંપ, સુહ્રદભાવ અને એકતા રાખો. બધાં કામ હળીમળીને કરો. તમારી જે ટૅલેન્ટ છે એને વાપરો. નવરા ના બેસો, ભગવાનની ભક્તિ કરવા માટે માનવદેહ આપ્યો છે તેનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉપયોગ ભગવાનની પ્રસન્નતા માટે કરો. ભગવાન અને ભગવાનના ભક્તોની માહાત્મ્યેયુક્ત સેવા કરો. ગઢડા મધ્ય–૬૩ના વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે, જીવને તાત્કાલિક બળ મેળવવું હોય તો ભગવાન ને ભગવાનના ભક્તોની માહાત્મ્યેયુક્ત સેવા કરો. ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી કે મને આ સેવા મળી !

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆